# ધોરણ - 11/12 : ઈતિહાસ

**પ્રસ્તાવના :**

પ્રારંભિક તબક્કાથી શરૂ કરીને સ્નાતક કક્ષા સુધીનાં અભ્યાસની પ્રક્રિયામાં ઇતિહાસના શિક્ષણનો પાયો અને અધ્યયન નિષ્પત્તિ. આ બંને સમય અને સ્થાન અંગેની નૈસર્ગિક સમજ મેળવવા માટે ઇતિહાસ શાસ્ત્ર એ આધારભૂત અભિગમ બની રહે છે. ઇતિહાસ તેના મૂળભુત વિચાર, ઐતિહાસિક જ્ઞાન તથા તેના સ્રોતનાં જટિલ મૂલ્યાંકન અને પુનઃમૂલ્યાંકન દ્વારા તૈયાર કરવામાં આવે છે. સાથે સાથે વિશ્વ (ધોરણ-11) અને ભારત (ધોરણ-12)ના ઇતિહાસની વિવિધ ઘટનાઓનો વાસ્તવિક પરિચય કેળવવા માટે વિદ્યાર્થીને અલગ પરિપ્રેક્ષ્યમાં દોરી જાય છે. આથી વિષયોને એવી રીતે ક્રમવાર ગોઠવવામાં આવ્યા છે કે, જે ઐતિહાસિક ઘટનાક્રમમાં સામાન્ય રીતે બનતું હોય છે. વિદ્યાર્થીઓ ઇતિહાસની મહત્ત્વની ઘટનાઓને ગોખી લેતા (યાદ કરી લેતા) હોય છે. તેના બદલે વિદ્યાર્થીઓને ઇતિહાસમાં રહેલી 'ઐતિહાસિક વિકાસની' સામાન્ય પ્રક્રિયાના વિવિધ પાસાઓનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળે છે. આ તબક્કે તર્કસંગત ઇતિહાસની આ જટિલ શાખા ભૂતકાળની વિવિધ ઘટનાઓની સ્રોત આધારિત પાકી માહિતીને વિવિધ અધ્યાપન પદ્ધતિની મદદથી ઉચિત ન્યાય આપી શકાય છે. જેથી એવું કહી શકાય કે, આ અધ્યયન નિષ્પત્તિ નીચે દર્શાવેલી અધ્યાસક્રમની અપેક્ષાઓ સાથે એકીકૃત રીતે સંકળાયેલી છે.

**અભ્યાસક્રમની અપેક્ષાઓ :**

- ઇતિહાસનો અભ્યાસ કરવાના પ્રથમ સિદ્ધાંત તરીકે, અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખે છે કે, ઇતિહાસકારો ઇતિહાસ કેવી રીતે લખે છે તેની સમજણ કેળવે. આથી સૌ પ્રથમ ઇતિહાસકારો જે રીતે વિષયો પસંદ કર્યા હોય, તેને તૈયાર કર્યા હોય અને તેમના જટિલ સ્રોતનું વાંચન કર્યું હોય તેની પ્રશંસા કરવાની વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રખાય છે. બીજું, આ પ્રક્રિયાના ભાગરૂપે, તેણે એ તારણ કાઢવું જોઈએ કે કેવાં જુદા-જુદા પ્રકારના સ્રોત સત્યને છતું કરે છે અને તેઓ શું કરી શકતા નથી. આખરે, તેમની પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે વિદ્યાર્થીઓ એક એવી વ્યાપક સમજ કેળવે કે કેવી રીતે ઇતિહાસકારોએ વિવિધ પ્રકારના સ્રોતનું વિશ્લેષણ કર્યું છે, દરેક પ્રકારના સ્રોતનું અર્થઘટન કરતાં સમયે તેમને પડેલી મુશ્કેલીઓનું કેવી રીતે સમાધાન શોધ્યું છે તે જાણે.
- બીજું, ઇતિહાસનો અભ્યાસ કરવાની પ્રક્રિયામાં ઇતિહાસકારો જે રીતે વિષયોના અભિગમમાંથી પસાર થયા છે તે જાણી વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, જુદી જુદી પરિસ્થિતિમાં થયેલા વિકાસની તુલના કરવાની અને એકબીજા સાથે સાંકળવાની ક્ષમતાનો વિકાસ કરે. જુદા-જુદા સમયગાળા દરમિયાન થયેલી ઘટનાઓ વચ્ચે સમાન પ્રક્રિયાના સંબંધની સમજ કેળવી અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડનારી તપાસની વિવિધ સામાજિક પદ્ધતિઓનું  યોગદાન શોધી કાઢવું. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, દરેક વિષયમાં ભલે તેમણે એક બહોળી ઐતિહાસિક પ્રક્રિયાની સમજ કેળવી લીધી હોય, તેમ છતાં તેઓ ચર્ચા માટે એક ચોક્કસ વિચાર શોધી કાઢે જે તેમને તેની સાથે સાંકળી શકે.
- અંતમાં, વિદ્યાર્થીઓ પાસે એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે, તેઓ અધ્યયન નિષ્પતિ માટેનાં વિવિધ સાધનો અને પદ્ધતિઓ જેમ કે, નકશા, સમયરેખા, ક્રમવાર માહિતીનો ચાર્ટ, ચિત્રાત્મક પ્રસ્તુતિ, આંકડાઓનો ક્રમમાં ગોઠવવા, અવતરણો, વિવિધ પ્રવૃત્તિઓને જુદા-જુદા રંગમાં ઓળખ આપવી, ઇતિહાસનું વર્ણન કરતા કુદરતી શબ્દો અને વિભાવનાઓનો ઉપયોગ કરવો અને તેમનો અભ્યાસમાં ઉચિત રીતે ઉપયોગ કરવો.

# ધોરણ-11 : ઈતિહાસ

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
| --- | --- | --- |
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરી શકાય કે, તેઓ...**<br>● દરેક વિષય-વસ્તુની ચર્ચા તેને સંબંધિત નકશા સાથે કરવામાં આવે એ હિતાવહ છે. સંબંધિત વિષય-વસ્તુના કેટલાક નકશા પાઠ્યપુસ્તકમાં આપવામાં આવ્યા છે. જોકે, ભૌતિક લક્ષણો, વિશાળ ભૌગોલિક વિસ્તારો અને વર્તમાન રાજકીય સરહદો દર્શાવતો દુનિયાનો સામાન્ય નકશો વૈશ્વિક ઈતિહાસના વિકાસને સરળતાથી સમજવામાં વધુ મદદરૂપ પુરવાર થશે.<br>● આવા નકશા સાથે જ્યારે કોઈ એક વિષય-વસ્તુ અંગે ચર્ચા કરતા હોય, ત્યારે સંબંધિત ભૌગોલિક વિસ્તારમાં થયેલા ઐતિહાસિક પરિવર્તનો અંગે મુદ્દાસર ચર્ચા કરવી સલાહભર્યું છે. ઉદાહરણ તરીકે 'મનુષ્યની ઉત્પત્તિ વિશેનાં મંતવ્યો' અથવા 'શહેરી સમાજનો ઉદય' જેવા વિષયો પર જ્યારે ચર્ચા કરવામાં આવતી હોય ત્યારે તેમના વિકાસમાં 5ર્વતમાળા અને ગુફાઓની સાથે-સાથે જંગલો અને નદીની ખીણોની ભૂમિકા અંગે પણ ચર્ચા કરવી જોઈએ.<br>● એ જ રીતે નકશા રાજકીય ઈતિહાસની બદલાતી ગતિશીલતાને સરળતાથી સમજવામાં પણ મદદ કરે છે, જેમ કે, વિવિધ સામ્રાજ્યોને ઉદય, વિકાસ અને પતન, રાષ્ટ્રો વચ્ચેનાં સંબંધો, ભૌગોલિક સંશોધનો, સંસ્કૃતિઓનું વસાહતીકરણ અને સંઘર્ષ, વિસ્થાપિતોનો ઈતિહાસ, વેપાર અને વાણિજયના પ્રકારો, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણનો વિકાસ, વિવિધ ધર્મોનો ફેલાવો, વિવિધ રાષ્ટ્રો અને ક્ષેત્રો દ્વારા આધુનિકીકરણ માટે લેવામાં આવેલાં વિવિધ પગલાં વગેરે.<br>● સમયરેખા (ટાઈમલાઈન) અધ્યાપનનું એક મહત્ત્વનું શાસ્ર છે, જેની મદદથી વિદ્યાર્થીઓ સમય અને સ્થળના આધારે ઐતિહાસિક પરિવર્તનોને યાદ રાખે છે. કોઈ ચોક્કસ ઘટના માટે આવી સમયરેખા તૈયાર કરાવી શકાય. ઉદાહરણ તરીકે, એક ચોક્કસ સમયગાળામાં | | **આ ધોરણ માટે નક્કી કરવામાં આવેલા જુદા-જુદા વિષયોનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, તેઓ...** |
| | HIS1101 | મનુષ્યની ઉત્5ત્તિ વિશે તેમણે મેળવેલી સમજનું પ્રસ્તુતીકરણ કરે છે. |
| | HIS1102 | માનવ શરીરના વિકાસ સાથે સંકળાયેલી વિવિધ શારીરિક આકૃતિઓને ઓળખે છે. |
| | HIS1103 | માનવ સમાજની ઉત્ક્રાંતિના વિવિધ તબક્કાઓનું વર્ણન કરે છે. |
| | HIS1104 | શહેરી જીવનના વિકાસ સાથે માનવ સંસ્કૃતિની પ્રગતિ પર પ્રકાશ ફેંકે છે. |
| | HIS1105 | માનવ સંસ્કૃતિ અને લેખન પદ્ધતિના વિકાસ વચ્ચે રહેલા સંબંધને સમજે છે. |
| | HIS1106 | રોમન અને મુઘલ વંશનો ઉદય, વિકાસ અને પતનના ઘટનાક્રમને વિગતવાર સમજે છે. |
| | HIS1107 | ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મના સંદર્ભમાં દુનિયામાં વિવિધ ધર્મોના ઉદય અને વિકાસ સંબંધિત ઘટનાક્રમો સમજાવો અને વિશ્વમાં નવા વિચારો, સાંસ્કૃતિક પરંપરાઓ, સંસ્થાઓ અને યુદ્ધ તથા શાંતિની પ્રક્રિયાઓ દ્વારા ઈતિહાસમાં તેમની ભૂમિકાનું વર્ણન કરે છે. |
| | HIS1108 | જાણીતી ઐતિહાસિક હસ્તીઓ જેમ કે જુલિયસ સીઝર અને ચંગીઝ ખાન વગેરેનું મૂલ્યાંકન કરી, તત્કાલિન ઈતિહાસમાં જેમનું યોગદાન અભ્યાસનો એક વિષય બનેલું છે. તેવું સમજે છે. |
| | HIS1109 | ઐતિહાસિક ઘટનાઓ જેમ કે, સામંતવાદ, નવજાગૃતિ અને સુધારાવાદના મહત્ત્વને સમજાવી ભૌગોલિક સંશોધનો અને સંસ્કૃતિઓ વચ્ચેના સંઘર્ષ, આવાં સંશોધનો દ્વારા પ્રાપ્ત સંસ્કૃતિઓની માહિતી અને અનુગામી વસાહતીકરણ વગેરે ઘટનાઓ સાથે સંકળાયેલા ઘટનાક્રમો અંગે ચર્ચાસત્રનું આયોજન કરે છે. |
| | HIS1110 | 14મી સદીમાં આવેલા સંકટ અને યુરોપમાં વિવિધ રાષ્ટ્રોના ઉદય અંગે જે સમજ્યા હોય તેનુ વર્ણન કરે છે. |
| | HIS1111 | 18મી અને 19મી સદીમાં ઈંગ્લેન્ડમાં થયેલાં નવાં સંશોધનો અને તકનીકી પરિવર્તનો અંગે |

# ધોરણ-11 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| આવેલી ઔદ્યોગિક ક્રાંતિ-જેમ કે, ‘9મીથી 16મી સદીનું યુરોપ’, જ્યારે પશ્ચિમી દુનિયા પર સામંતવાદ છવાયેલો હતો અથવા મુઘલ વંશનો ઈતિહાસ અથવા ઈતિહાસનો કોઈ એક ભાગ જેમ કે, ‘સાહિત્ય, કળા અને વિચારોનો ઝોક.’<br>● જટિલ ઘટનાઓને સરળ રીતે સમજાવવા માટે ફ્લો-ચાર્ટ વિશેષ રીતે મદદરૂપ બની શકે છે. જેમ કે, ‘વિવિધ પ્રવૃત્તિઓ માટે એકઠા થયેલા લોકો-શિકારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતાં હથિયાર’, અથવા ‘રોમન સામ્રાજ્યનું વહીવટી માળખું’ અથવા દાર્શનિક વ્યવસ્થા તરીકે ‘માનવતાવાદ’.<br>● વિદ્યાર્થીઓ વચ્ચે વિવિધ ચર્ચાસત્રોનું આયોજન કરી શકાય અથવા ચિત્રો શોધવા-ગોઠવવાનું જણાવી શકાય, જેમ કે, નવજાગૃતિ કાળનાં ચિત્રો અથવા ‘ગુલામોનો વેપાર’ અથવા ધાર્મિક બાંધકામો જેમકે, ‘ચર્ચ અને કેથેડ્રલ્સ’ વગેરે બાબતો સંબંધિત ઐતિહાસિક પરિવર્તનો સાથે સંકળાયેલા વિચારોને સ્પષ્ટ કરે છે.<br>● આ ઉપરાંત આંકડાકીય માહિતી, ચર્ચાઓ અને સમૂહ ચર્ચાનું પણ વિવિધ મુદ્દે આયોજન કરી શકાય, જેમ કે ‘લેખનના ઉપયોગો’, ‘ગુલામીની સંસ્થા’, ‘સામંતવાદનું પતન’ અને ‘નવજાગૃતિ’, ‘ઔદ્યોગિક ક્રાંતિ’ અને ‘આધુનિકીકરણ’ની કલ્પનાઓ વગેરે વિદ્યાર્થીઓને વૈશ્વિક ઈતિહાસ સંબંધિત સમજ કેળવવામાં ખૂબ જ મદદરૂપ બનશે. | <br><br>HIS1112 | સમજીને ઔદ્યોગિક ક્રાંતિના વિચાર અંગે ચર્ચા કરે છે.<br>19મી અને 20મી સદી દરમિયાન પૂર્વ એશિયામાં આધુનિકીકરણ અને વિવિધ પ્રકારે તેને લાગુ થવા અંગેની સમજનું નિદર્શન કરે છે. |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **રોજગાર આધારિત જે પ્રસ્તાવિત અધ્યાપન પ્રક્રિયા છે તેનો ધોરણ-12ના વર્ગખંડમાં ઉપયોગ કરી શકાય છે. આ ઉપરાંત, નીચે દર્શાવેલી કેટલીક બાબતોને પણ સ્વીકારી શકાય છે...** | | **આ ધોરણ માટે જે જુદા-જુદા વિષયો નક્કી કરાયા છે તેનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે.** |
| ● કોઈ એક વિષયના અધ્યયન અને શીખવાનો ધ્યેય નક્કી કરતાં પહેલાં જે તે વિષયનું વ્યાપક વિહંગાવલોકન કરવામાં આવે તો તે ઘણી જ મદદ કરશે. | HIS1201 | તેઓ પુરાતત્વિય ખોદકામ કેવી રીતે હાથ ધરાય છે તે દર્શાવે અને વિદ્વાનો દ્વારા ભૂતકાળને ફરીથી જીવંત કરવા માટે તેમાંથી પ્રાપ્ત થયેલી માહિતીનું કેવી રીતે અર્થઘટન કરવામાં આવે છે તે જાણે છે. |
| ઉ.દા. તરીકે, હડપ્પન સંસ્કૃતિ, વિષય જ્યારે સમજાવવો હોય ત્યારે તેનું વિશાળ વિહંગાવલોકન કરતાં તમામ પાસાં આવરી લેવાં જોઈએ, જેમ કે, ક્યારે અને કેવી રીતે આ સંસ્કૃતિ વિકાસ પામી ? આ સંસ્કૃતિના અસ્તિત્વ વિશે આપણે કેવી રીતે જાણી શક્યા ? કયા પુરાતત્વિય અવશેષો છે જે આપણને આ સંસ્કૃતિ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડે છે ? તેની ભૌગોલિક હદ કેટલી હતી ? કેટલા સમય સુધી એ સમૃદ્ર રહી હતી ? અને તેની પતન માટેના સંભવિત કારણો કયા હોઈ શકે છે ? જેવી બાબતો આપણને ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ભૂતકાળમાં ડોકિયું કરવામાં મદદ કરે છે. | HIS1202 | સિંધુ નદીના કિનારા પરથી પ્રાપ્ત થયેલા વિવિધ પુરાતત્વિય અવશેષોના આધારે ભારતના પ્રાચીન ઈતિહાસને સાંકળે અને તેમની લાક્ષણિકતાઓ પર પ્રકાશ ફેંકે છે. |
| | HIS1203 | ઈતિહાસકારો દ્વારા શિલાલેખોના લખાણને કેવી રીતે સમજવામાં આવે છે અને તેનું અર્થઘટન કરવામાં આવે છે તે દર્શાવે છે. સાથે જ સમ્રાટ અશોકના શિલાલેખો અને સમ્રાટ ગુપ્તના જમીન અનુદાનના દસ્તાવેજોના આધારે ઈ.સ. પૂર્વે 4થી સદીથી સામાન્ય યુગની 5મી સદી (મૌર્યથી ગુપ્ત યુગ સુધીનો સમયગાળો)માં ભારતના રાજકીય અને આર્થિક ઈતિહાસનું વર્ણન કરે છે. |
| ● તેના પછીના તબક્કામાં જે-તે વિષયના સૌથી મહત્ત્વના ઐતિહાસિક પરિમાણ પર ધ્યાન કેન્દ્રિત કરી તેને શોધની વાર્તા, તરીકે પણ કહી શકીએ છીએ. | HIS1204 | સામાજિક ઈતિહાસને ફરીથી લખવા માટે જે વિવિધ મુદ્દાઓ સંકળાયેલા છે તેની સમજનું પ્રસ્તુતીકરણ કરે છે અને સાથે જ મહાભારતના સંદર્ભમાં લેખિત સ્રોત કેવી રીતે વિશ્લેષણમાં મદદ કરે છે તેનું વિગતવાર વર્ણન કરે છે. |
| ઉદાહરણ તરીકે જો તમે મુઘલ કોર્ટ ને વિષય તરીકે સમજાવી રહ્યા છો, તો તે સ્થિતિમાં સૌથી નોંધપાત્ર પાસું હશે... કોર્ટના દસ્તાવેજો અને તેને અનુગામી અનુવાદ તથા ફેલાવો, જેના વગર આપણે ઈતિહાસને ફરીથી લખી શકીએ નહીં, આમ અધ્યાપન અને અધ્યયનની દૃષ્ટિએ જોઈએ તો શોધની વાર્તા, કોર્ટના દસ્તાવેજોના અભ્યાસ બનશે. | HIS1205 | પ્રાચીન ભારતમાં ધાર્મિક વિકાસના મુદ્દે ચર્ચા કરે અને વિગતવાર જણાવે કે, કેવી રીતે વિવિધ પ્રકારના સ્રોત જેમ કે, કલા, સ્થાપત્ય અને શિલ્પો આ વિકાસને સમજવામાં મદદરૂપ બને છે. ખાસ કરીને બૌદ્ધ ધર્મના સંદર્ભમાં. |
| ● આ પ્રક્રિયાનો ત્રીજો તબક્કો 'શોધની વાર્તા'માં આપણે જે અવતરણો પ્રાપ્ત કર્યાં છે તેને પસંદ કરવા અને પ્રસ્તુત કરવાનાં રહેશે અથવા બીજા શબ્દોમાં કહીએ તો જે તે વિષયના અભ્યાસ માટે મુખ્ય સ્રોત હતા.<br>ઉદાહરણ તરીકે જો આપણો વિષય ભારતમાં | HIS1206 | આઈન-એ-અકબરીમાં કરવામાં આવેલા વર્ણનના આધારે 16મી અને 17મી સદીમાં ભારતમાં કૃષિ સંબંધિત વિકાસ અંગે ચર્ચા કરી અને સાથે જ ઉપરોક્ત વર્ણન ઉપરાંત અન્ય સ્રોતની પણ પૂરક જરૂર શા માટે છે તે સમજે છે. |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| વસાહતીકરણ અને ગ્રામીણ સમાજ છે. તો તેના સંદર્ભમાં આપણે કેટલાંક અવતરણો પસંદ કરી શકીએ છીએ, જેમ કે - ફિર્મિન્જરનો પાંચમો અહેવાલ અથવા ફ્રાન્સિસ બુચાનન અને હેમિલ્ટનનો રિપોર્ટ અથવા ડેક્કન રાયોટ્સ રિપોર્ટ. આ સ્રોતના આધારે 19મી સદીના અંતિમ વર્ષો અને 20મી સદીમાં ભારતના ગ્રામીણ સમાજ પર વસાહતીકરણની કેવી અસર થઈ હતી તેનો ઈતિહાસ તૈયાર કરી શકીએ છીએ.<br>● ચોથો અને સૌથી મહત્ત્વનો તબક્કો આ અવતરણોને ચકાસવાનો છે અથવા તો જે સ્રોતનો ઉપયોગ કર્યો છે તેને પ્રાપ્ત માહિતીના આધારે જ સ્વીકારવાને બદલે તે ઐતિહાસિક રીતે ખરેખર સાચી છે કે નહીં તેની ચકાસણી કરવી. આમ કરવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ વિવિધ પ્રશ્ન પર ચર્ચા કરવી છે - (અ) સ્રોતનો પ્રકાર, (બ) એ વ્યક્તિઓ, જેમણે આ સ્રોત આપણા માટે છોડયા છે, પોતાના જીવનકાળમાં તેમના મુકામ અને હેતુઓ, (ક) તેમના સમકાલિન લોકો બીજા કયા પુરાવા આપી રહ્યા છે, (ડ) આ પુરાવાનું આપણે કેવી રીતે અર્થઘટન કરી રહ્યા છીએ, (ઈ) આ પુરાવાના આધારે આપણે કયો નિષ્કર્ષ કાઢી શકીએ છીએ.<br>● અધ્યાપન પ્રક્રિયામાં અત્યાર સુધી જે પ્રમાણિત થઈ ચૂકી છે એવી 'પ્રોજેક્ટ' બનાવવાની પ્રક્રિયા, પછી તેને વ્યક્તિગત કે સમૂહમાં કરાવી શકાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે તેમાં એકથી વધુ વિષયો પણ આવરી લઈ શકાય છે. આવા પ્રોજેક્ટમાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે, (અ) સ્થાનિક વ્યક્તિત્વો જેમ કે, આઝાદીના લડવૈયાઓ વિશે લોકો પાસેથી મૌખિક માહિતી પ્રાપ્ત કરીને તેનું દસ્તાવેજીકરણ કરવું, (બ) વિવિધ વિષયના સંદર્ભમાં સ્થાનિક દફતર-ભંડાર, અખબારોની કચેરીઓ અને ખાનગી સંગ્રાહકો પાસેથી માહિતી એકઠી કરવી, (ક) નકશા, ફલો-ચાર્ટ, સમયરેખા (ટાઈમ-લાઈન), વાસ્તવિક રૂપરેખા તૈયાર કરવી વગેરે.<br>● એક મજબૂત અધ્યયન નિષ્પત્તિ તરીકે અભ્યાસ પ્રવાસનું આયોજન કરવું પણ અધ્યાપન પ્રક્રિયાનું | HIS1207 | ખાસ કરીને મુઘલના સંદર્ભમાં ભારતના મધ્યયુગીન રાજકીય ઈતિહાસના પરિચયને પ્રદર્શિત કરે છે અને આ ઈતિહાસ તૈયાર કરવા માટે કેવી રીતે કોર્ટના દસ્તાવેજો અને અન્ય સ્રોત મદદરૂપ પુરવાર થાય છે. તે જણાવે છે. |
| | HIS1208 | સ્થાપત્યો - જેમ કે મંદિરો, કિલ્લાઓ અને સિંચાઈની સગવડો- કેવી રીતે ઐતિહાસિક દસ્તાવેજીકરણમાં મદદરૂપ બને છે તેના અંગે સંદર્ભમાં સ્થાપત્ય અને રાજકીય વ્યવસ્થા વચ્ચેના સંબંધને સમજે છે. |
| | HIS1209 | ભક્તિ-સુફી સંતની સંકલ્પના અને વ્યવહારુ અમલ અંગે ચર્ચા કરે છે અને તેની સાથે જ મધ્યયુગીન સમયમાં ભારતમાં થયેલા ધાર્મિક વિકાસ સાથે તેમનો સંબંધ જણાવે છે. |
| | HIS1210 | વિવિધ પ્રવાસીઓ જેવા કે, અલ્બેરૂની, ઈબ્નબતૂતા અને બર્નિયરના લખાણોના સંદર્ભમાં તેમની પરિચિતતાનું મૂલ્યાંકન પૂરું પાડે છે. આ માહિતીનું અર્થઘટન કેવી રીતે કરાયું હતું તથા ઈતિહાસકારોએ સામાજિક ઈતિહાસના સ્રોત તરીકે તેમનો કેવી રીતે ઉપયોગ કર્યો છે તે વિગતવાર જણાવે છે. |
| | HIS1211 | 18મી સદીના અંતિમ વર્ષો અને 19મી સદીમાં ભારતના ગ્રામીણ સમાજ પર વસાહતીકરણને પરિણામે થયેલાં પરિવર્તનો અંગે ચર્ચા કરે છે. અને ગ્રામીણ ભારતમાં રહેતા જમીનદારો, ખેડૂતો અને કારીગરોના જીવનમાં આ પરિવર્તનની કેવી અસર થઈ હતી તેનું વર્ણન કરે છે. |
| | HIS1212 | વસાહતીકરણના સંદર્ભમાં લોકોના જીવનને સમજવા માટે સત્તાવાર સ્રોતોનો ઉપયોગ કરવાની મર્યાદાને સમજે છે. |
| | HIS1213 | વર્ષ 1857-58ના ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે સંકળાયેલી ઘટનાઓ અંગે ચર્ચા કરે છે. અને કેવી રીતે આ ઘટનાઓની નોંધ કરાઈ હતી અને ત્યારપછી કેવી રીતે તેનું અર્થઘટન કરાયું હતું એ મુદ્દે ચર્ચા કરે છે. |

# ધોરણ-12 : સંસ્કૃત

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| એક મહત્ત્વનું સાધન છે. ભારતમાં ઓછાં જાણીતાં અને જાણીતાં ઐતિહાસિક મહત્વ ધરાવતાં સ્થળો મોટી સંખ્યામાં અને અનેક સ્થળે આવેલાં છે. આ સ્થળોની મુલાકાત લઈને પ્રાચીન, મધ્યયુગીન અથવા આધુનિક વિષયોના સંદર્ભમાં તેમનું મહત્ત્વ જાણી શકાય છે. તેમાં મહત્ત્વનાં સ્થળો તરીકે, (અ) પુરાતત્વિય ખોદકામનાં સ્થળો (ખોદકામનું કાર્ય કેવી રીતે હાથ ધરવામાં આવે છે તે જાણવા) (બ) પુરાતત્વિય સ્થળો સાથે સંકળાયેલા સંગ્રહાલયો (મ્યુઝિયમ) (પુરાતત્વિય અવશેષોનું મહત્ત્વ, લાક્ષણિકતાઓ અને પ્રકારને જાણવા માટે), (ક) રાજકીય, સામાજિક અથવા ધાર્મિક મહત્ત્વ ધરાવતાં ઐતિહાસિક સ્મારકો, (ડ) બંદરો, ઐતિહાસક વારસો ધરાવતાં ગામડાં, કિલ્લાઓ અને મહેલો, ઐતિહાસિક બગીચા, પર્વતીય નગરો, શહેરનાં ઐતિહાસિક હિસ્સા, જૂના મહેલો, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી નહેરો, કોર્ટનાં પરિસરો, પોલીસ મથક, સરકારી કચેરીઓ વગેરે.<br>● અંતમાં, શાળા કક્ષાએ પણ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય. જેમ કે, (અ) વિશ્વ અને ભારતના ઈતિહાસના પ્રદર્શનનું આયોજન, જેના દ્વારા વિદ્યાર્થીઓને જે તે વિષય સંબંધિત પ્રવૃત્તિઓ અને સમજ કેળવવામાં મદદ મળે છે, (બ) વિવિધ વિષયો જેમ કે, કોમવાદનો ઉદય, લેખિત બંધારણ, રાષ્ટ્રીય વિકાસ માટે પંચવર્ષીય યોજનાનું મહત્ત્વ, સત્યાગ્રહની સુસંગતતા અને વસાહતી શાસન દરમિયાન સંપત્તિનો નાશ, ચર્ચાસત્ર અને નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવું. જેનાથી વિદ્યાર્થીઓ ઐતિહાસિક ઘટનાઓમાં વધુ ઉંડે ઉતરી શકે. (ક) 'અસહકાર આંદોલન', 'નાગરિક - અસહકાર આંદોલન' અને 'ભારત છોડો' આંદોલન વગેરે વિષયોનાં નાટકો પ્રસ્તુત કરવાં અને (ડ) ભીંતપત્ર અને ચિત્ર બનાવવા, ટપાલ મૂલ્ય ટિકીટ સંગ્રહની સ્પર્ધા અને સવાલ-જવાબ સ્પર્ધાનું આયોજન કરવું, વગેરે દ્વારા વિદ્યાર્થીઓને ઈતિહાસના સંદર્ભમાં તેમની પોતાની સમજને કેળવી પ્રોત્સાહિત કરી અને તેમનું ઐતિહાસિક જ્ઞાન વધુ મજબૂત કરવા પ્રોત્સાહિત કરી શકાય છે. | HIS1214 | ભારતમાં 18મી અને 19મી સદીમાં વસાહતીકરણ અને નવા શહેરી કેન્દ્રોની રચના વચ્ચેના સંબંધને સમજે છે. કોલકાતા, ચેન્નઈ, મુંબઈ અને દિલ્હી જેવાં કેન્દ્રોનો પરિચય આપીને તેનું મહત્ત્વ સમજે છે. |
| | HIS1215 | વર્ષ 1918થી 1948 દરમિયાન ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે થયેલાં આંદોલનોનો પરિચય આપે છે અને આ આંદોલનો દરમિયાન મહાત્મા ગાંધીએ કેવી રીતે નેતૃત્વ પૂરું પાડયું હતું તે જાણે છે. |
| | HIS1216 | ભારતની આઝાદીની લડાઈને ફરીથી લખવા માટે ઈતિહાસકારો અખબારી અહેવાલો, ડાયરીઓ અને પત્રોને એક ઐતિહાસિક સ્રોત તરીકે કેવી રીતે વાંચે છે અને તેનું અર્થઘટન કરે છે તેના અંગે ચર્ચા કરી ગાંધીયન રાજનીતિ અને નેતૃત્વ અંગે પણ ચર્ચા કરે છે. |
| | HIS1217 | તત્કાલીન સમયમાં રહેલા લોકો દ્વારા કરવામાં આવેલા મૌખિક વર્ણનના આધારે ભારતની આઝાદીની લડાઈના અંતિમ દાયકામાં કેવી રીતે કોમવાદી રાજકારણ શરૂ થયુ હતું અને ભારતના ભાગલામાં તેની કેટલી ભૂમિકા હતી તેના અંગે વિસ્તૃત ચર્ચા કરી આવા સ્રોતના ઉપયોગની સંભાવના અને મર્યાદા બંને મુદ્દાઓ નોંધે છે. |
| | HIS1218 | ભારતની આઝાદી પછી પ્રારંભિક વર્ષોના ઈતિહાસના આધારે રાજકીય નેતાઓનો પરિચય આપી નવા રાષ્ટ્રનો પાયો નાખવામાં તેમની કેવી ભૂમિકા રહી હતી અને ચૂંટાયેલી સંસદમાં નવા બંધારણની રચના માટે તેમણે કેવા પ્રકારની ચર્ચા કરી હતી, જેના આધારે દેશનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું એ વિષય પર વિગતવાર ચર્ચા કરીને મુદ્દાઓ નોંધે છે. |